## સંક્ષિપ્ત સમાચાર

### અંકલેશ્વર જીઆઇડીસીમાં ભ્રષ્ટાચારનો ભૂવો પડ્યો



અંકલેશ્વર : જીઆઇડીસી વિસ્તારમાં આવેલી રામદેવપીર ચોકડી પાસે એક વર્ષ પૂર્વે બનેલા રોડ પર હવે ભ્રષ્ટાચારનો પરિચય આપતો 4 થી 5 ફૂટ ઊંડો ભૂવો પડી ગયો છે. રસ્તાની નાજુક હાલતને કારણે આ વિસ્તારમાં ભારે માલવાહક વાહનો પસાર થાય છે અને હવે અહીં અકસ્માત થવાનો ગંભીર ભય લોકોમાં વ્યાપી રહ્યો છે. અંકલેશ્વર જીઆઇડીસીમાં રાત દિવસ નાનામોટા તેમજ ભારે વાહનોની અવરજવર રહે છે ત્યારે રામદેવપીર ચોકડી નજીક 4થી 5 ફૂટ ઊંડો ભૂવો પડતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે ત્યારે માર્ગમાં પડેલા ભૂવાએ ગંભીર સંકટ ઉભું કર્યું છે. અકસ્માત થવાનો ગંભીર ભય વાહન ચાલકોમાં વ્યાપી રહ્યો છે ત્યારે જીઆઇડીસી તેમજ નોટિફાઇડ એરીયાના અધિકારીઓ ભૂવાનું સમારકામ માટે તાત્કાલિક પગલાં ભરે અને જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે.

### પલસાણામાં ગેલેરીમાંથી પડી જતાં યુવાનનું મોત

પલસાણા : પલસાણાના ખોડિયાર નગરમાં ગેલેરીમાંથી પગ લપસી જતાં એક યુવાનનું કરુણ મોત થયું છે. પલસાણાના ખોડિયાર નગર, રામજી વિલા બિલ્ડિંગની સામે, જય અંબે કિરાણા સ્ટોર પાસે રહેતા 27 વર્ષીય મોટુ ઉર્ફે ઓમપ્રકાશ લાલજી વર્મા (મૂળ રહે. રત્નાવલી માર્ગ, ઉત્તર પ્રદેશ) ગત બુધવારે રાત્રે પોતાની બિલ્ડિંગની બહાર ગેલેરીમાં આંટા મારી રહ્યા હતા. તે સમયે અચાનક તેનો પગ લપસી જતા નીચે પટકાયા હતા. ઘટના બાદ તેમને નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન જ ફરજ પરના ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પલસાણા પોલીસ સ્ટેશનમાં અ.મોત ગુનો નોંધીને આગળની તપાસ એ.એસ.આઈ. સુફિયાબાનુ મહેમુદભાઈ ચલાવી રહ્યા છે.

### માંડવી પોલીસે લોકોના ખોવાયેલા છ મોબાઈલ શોધીને પરત કર્યા




હિતેશ પટેલ

માંડવી : લોકોના ખોવાયેલા ફોન પરત મેળવી આપવા માટે પણ પોલીસ કોઈ કસર છોડતી નથી. આ વાત આજના કિસ્સા પરથી સ્પષ્ટ થતાં માંડવી પોલીસ સ્ટેશનમાં મોબાઈલ ફોન ગુમ થયાની અરજી આવી હતી. ત્યારે પોલીસે CIRL PORTAL ની મદદથી ઝીણવટભરી તપાસ કરી પરિણામ લક્ષી કામગીરી કરવા કટિબદ્ધ હોવાનો કિસ્સો સામે આવ્યો હતો. તેરા તુજકો અર્પણ કાર્યક્રમમાં માંડવી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીઆઇ એ.એચ. ચૌહાણે અલગ અલગ કંપનીના મોબાઈલ નંગ-6 જેની કુલ કિંમત રૂપિયા 87 હજારના મત્તાનો મુદ્દામાલ તેના મૂળ માલિકોને સોંપ્યા હતા. જે લોકો પોલીસ સ્ટેશનમાંથી ખુશ થઈને નીકળ્યા હોવાના દ્રશ્યો જોવા મળ્યા હતા.

### ઉમરપાડા તાલુકામાં વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ



વિનોદ મૈસુરીયા

વાંકલ : ઉમરપાડા અને માંગરોળ તાલુકાની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને ધારાસભ્ય ગણપતસિહ વસાવાના સ્વ. માતા-પિતાના સ્મરણાર્થે નોટબુક વિતરણ કરવામાં આવી રહી છે. આ પ્રસંગે ગણપતસિહ વસાવાએ વિદ્યાર્થીઓને શિક્ષણનું મહત્વ તથા સ્પર્ધાત્મક પરીક્ષા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે નિરાંત સંપ્રદાયના આચાર્ય હટેસિહ મહારાજ, ભાથિજી સંપ્રદાયના આચાર્ય ગોવિંદદાસ મહારાજ, તાલુકા પંચાયત પ્રમુખ રમેશભાઇ, સંગઠન પ્રમુખ અમિષભાઇ, એપીએમસી ચેરમેન સામસિંગભાઇ, પૂર્વ સુરત જિલ્લા પંચાયત સભ્ય શાંતિલાલ વસાવા, સરપંચ ભુપેન્દ્રસિંહ વસાવા, હરિશભાઇ તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

### કામરેજમાં રક્તદાન શિબિર યોજાઈ




વિશાલ પટેલ

કામરેજ : ડોક્ટર દિનની ઉજવણીના ભાગરૂપે ડોક્ટર એસોસિએશન આઈ.એમ.એ. સુરત દ્વારા આયોજિત રક્તદાન શિબિરમાં કામરેજ ચાર રસ્તા ખાતે આવેલા ડો.ગિરીશ મોદી - મોદી ક્લિનિક પર રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ. લોકોના અભૂતપૂર્વ પ્રતિસાદથી ૧૬૫ જેટલી રક્ત યુનિટસ એકઠી થઈ હતી. આ તબક્કે ડો ગિરીશ મોદીએ રક્ત દાતાઓનો હૃદય પૂર્વક આભાર માન્યો હતો.

### કોઠવા દરગાહ નજીક સુતેલી 70 વર્ષની વૃદ્ધા પરથી કાર ફરી જતાં મોત

હથોડા : કોઠવા દરગાહના ગેટ નજીક આવેલા પાર્કિંગના રોડ પર સુતેલી વૃદ્ધાની છાતી તેમજ બંને હાથ પરથી કાર ફરી વળતા ગંભીર ઇજા સાથે સારવાર માટે ખસેડતા સારવાર દરમિયાન મોત થયું હતું. ઘટનાની વિગત એવી છે કે માંગરોળ તાલુકાના બુજરંગ ગામના બોરી ફળિયામાં રહેતી ગંગાબેન નારણભાઈ ભાણાભાઈ વસાવા (ઉંમર વર્ષ 70) કોઠવા દરગાહ ખાતેના ગેટ નજીક આવેલા પાર્કિંગ રોડ પર સૂતી હતી ત્યારે જીજે 01 ડબલ્યુ કે 6555 નંબરના ચાલકે કારને ગફલતભરી રીતે હંકારીને વૃદ્ધાની છાતી તેમજ બંને હાથ પરથી ફેરવી દેતા ગંભીર ઇજા સાથે તડકેશ્વર ખાતે આવેલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડતા સારવાર દરમિયાન મોત થયું હતું. બનાવ અંગે પાલોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### કરચેલીયાની ભૂભી સાર્વજનિક હાઈસ્કૂલનું ગૌરવ

ભોરીયા : કરચેલીયા હાઈસ્કૂલ દર વર્ષે વિજ્ઞાન પ્રવાહમાં સતત ઉચ્ચ પરીણામ હાંસલ કરે છે. આ સાથે દર વર્ષે બે થી ત્રણ વિદ્યાર્થી એમબીબીએસમાં જોડાય છે. આ વર્ષે શાળાના વિદ્યાર્થી બારડે ગોવર્ધન સંતોષભાઈએ JEE advance ક્લીયર કરી 357 મો રેન્ક મેળી ભૂભી સાર્વહાઈસ્કૂલનું ગૌરવ વધારેલું છે. શાળાના વિજ્ઞાન પ્રવાહના શિક્ષકોને સિધ્ધી બદલ શાળાના આચાર્ય તથા મંડળના પ્રમુખ માનસિહભાઇ પટેલ તથા ટ્રસ્ટ પરીવારે અભિનદન પાઠવ્યા છે.

ગંભીરા બ્રિજ બાદ હવે અન્ય બ્રિજ અને ડેમ પણ તપાસવાનો સમય આવી ગયો છે

# નર્મદા સહિત જિલ્લાના ડેમને તપાસવાનો આદેશ




**નર્મદા** નદી પરના 25 માંથી સરદાર સરોવર સૌથી મોટો ડેમ

**આ** બંધ ગુજરાતના ૯૪૯૦ ગામ અને ૧૭૩ શહેરી કેન્દ્રો અને રાજસ્થાનના ૧૩૩૬ ગામને પીવાનું પાણી પૂરું પાડે છે



ભરૂચ : ગંભીરા બ્રિજ બાદ હવે હવે અન્ય બ્રિજ અને ડેમ પણ તપાસવાનો સમય આવી ગયો છે. રાજ્ય સરકારે બ્રિજ પછી કેવડીયાનાં સરદાર સરોવર ડેમ સહીત 200 નાના-મોટા બંધોને સંપૂર્ણ તપાસ કરવાનો આદેશ આપ્યો છે. ગંભીરા પુલ તૂટી પડવાની ઘટનાને પગલે આ નિર્ણય બુધવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં લેવામાં આવ્યો હતો.

નર્મદા નદી પર આયોજિત 25 બંધોમાંથી સરદાર સરોવર બંધ બાંધવામાં આવેલો સૌથી મોટો ડેમ છે. ડેમના મુખ્ય પાવર પ્લાન્ટમાં છ 200 મેગાવોટ ફ્રાન્સિસ પંપ-ટર્બાઈન્સ છે જે વીજળી ઉત્પન્ન કરે છે અને તેમાં પમ્પ્ડ-સ્ટોરેજ ક્ષમતાનો સમાવેશ થાય છે. ઉપરાંત વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા, સ્ટેચ્યુ ઓફ યુનિટી, ડેમની સામે છે. આ બંધ ૧,૨૧૦ મીટર લાંબો અને ૧૬૩ મીટર ઊંચો છે. સરદાર સરોવર જળાશયની કુલ ક્ષમતા ૦.૯૫ મિલિયન હેક્ટર મીટર અને જીવંત સંગ્રહ ક્ષમતા ૦.૫૮૬ મિલિયન હેક્ટર મીટર છે. તે ૩૭,૦૦૦ હેક્ટર વિસ્તાર ધરાવે છે, જેની સરેરાશ લંબાઈ ૨૧૪ કિમી અને પહોળાઈ ૧.૭ કિમી છે. બંધ સ્થળની ઉપર નદીનો સ્ત્રાવ વિસ્તાર ૮૮,૦૦૦ ચોરસ કિલોમીટર છે. તેની સ્પિલવે ડિસ્ચાર્જિંગ ક્ષમતા ૮૭,૦૦૦ ઘન મીટર પ્રતિ સેકન્ડ છે.

## હાંસોટના શેરા ગામનું તળાવ મગરો માટે આશ્રયસ્થાન, 5 મહિનામાં 3 પકડાયા



અંકલેશ્વર, ભરૂચ : હાંસોટના શેરા ગામમાંથી વધુ એક મગરને તળાવમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે. ગામના તળાવમાં 5 મહિનાના ટૂંકા ગાળામાં ત્રીજો મગર ઝડપાયો છે. જેને પગલે લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. આ અંગે ગ્રામજનોએ વન વિભાગમાં જાણ કરતા વન અધિકારીઓ અને જીવદયા પ્રેમીઓ મગરને પકડવા માટે પહોંચ્યા હતા અને તળાવ કિનારેથી મગરને ભારે જહેમતે ઝડપી પાડ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ગત ફેબ્રુઆરી મહિનામાં જૂન મહિનામાં અને હવે જુલાઈ મહિનામાં મગર ગામના તળાવમાં જોવા મળ્યો હતો. અત્યાર સુધી 3 મગરનુ રેસ્ક્યુ કરીને સલામત સ્થળ પર લઈ જવામાં આવ્યા છે.

## બારડોલી તાલુકાના નસુરા ગામમાં સખી મંડળોના નામે લાખોની લોન લેવાઇ ગઇ

**કોમ્યુનિટી** કો-ઓર્ડીનેટર તરીકે કામ કરતી યુવતીએ છેતરપિંડી કરતા મામલો પોલીસ મથકે પહોચ્યો



બારડોલી : બારડોલી તાલુકાના નસુરા ગામે એક યુવતીએ ગામના અલગ અલગ સખી મંડળોના નામ પર લોન લઈને લાખોની છેતરપિંડી કરવામાં આવી હોવાની હકીકત સામે આવી છે. ભોગ બનનાર સખી મંડળની મહિલાઓ શુક્રવારના રોજ બારડોલી ગ્રામ્ય પોલીસ મથકે રજુઆત કરવા આવી હતી. પોલીસે આ મામલે તપાસ કરવાની હૈયાધરપત આપી હતી.

આ અંગે મળતી માહિતી અનુસાર ગામની જ યુવતી પૂનમબેન મંગુભાઈ હળપતિ તાલુકામાં કોમ્યુનિટી કો-ઓર્ડીનેટર તરીકે કામ કરતી હતી. તે સમયે તેણીએ ગામેગામ સખી મંડળની રચના કરી હતી. જેના ભાગરૂપે તેનું કામ ખાતું ખોલાવવું તથા તેમાં સભ્યો બનાવવા તથા ખાતાના વ્યવહાર કરવા જેવા કામો કરવાના હતા. આ દરમ્યાન તેણે છેતરપિંડી કરવાના ઇરાદે ગામના સાત જેટલા સખી મંડળની મહિલાઓને લોભામણી વાતો કરી વિશ્વાસમાં લીધા હતા અને સખી મંડળની રચના કરાવી રૂપિયા જમા કરાવ્યા હતા અને લોન આપવાની વાતો કરી હતી. સખી મંડળોએ લોન લીધી ન હોવા છતાં બેંકમાં તેમના નામે લોન બોલતી હતી. અંદાજીત 7 સખી મંડળોના 70 જેટલી મહિલાઓના નામે લોન લેવામાં આવી હતી. 1 લાખથી 5 લાખ સુધીની લોન હોવાનું જાણવા મળી રહ્યું છે. મહિલાઓના ઘરે બેંકની નોટિસ જતા જ લોન અંગે જાણ થઈ હતી. આ અંગે અનેક વખત પૂનમબેનને રજુઆત કરી હોવા છતાં તેણીએ ગ્રામજનોને કોઈ જવાબ આપ્યો ન હતો. આથી શુક્રવારના રોજ ગામની મહિલાઓ બારડોલી ગ્રામ્ય પોલીસ મથકે પહોંચ્યા હતા. અને પી.આઈ. જાડેજાને અવેદનપત્ર સુપરત કરી પૂનમ બેન તેમજ બેન્ક ઓફ બરોડાના કર્મચારીઓ-અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

## સ્માર્ટ મીટરના ડીંડકની અમને જરૂર નથી, ભરૂચમાં મહિલાઓ રણચંડી બની



**સ્થાનિક** મહિલાઓનો મૂડ જાણીને વીજ કર્મીઓ સ્માર્ટ મીટર લગાવ્યા વિના જ પરત ફર્યા

ભરૂચ : ભરૂચ શહેરમાં સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી વચ્ચે નારાયણ એરેના એપાર્ટમેન્ટની મહિલાઓએ રણચંડી બનીને પ્રચંડ વિરોધ નોંધાવ્યો છે. વીજ વિભાગની ટીમ જ્યારે એપાર્ટમેન્ટમાં સ્માર્ટ મીટર લગાવવા પહોંચી ત્યારે સ્થાનિકોએ થાળીઓ વગાડીને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

વીજ વિભાગ દ્વારા અત્યાર સુધીમાં ભરૂચ શહેરમાં લગભગ 15 હજાર સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે. જૂના મીટર બદલીને નવા સ્માર્ટ મીટર મૂકવાની કામગીરી ચાલી રહી છે. સ્થાનિક રહીશોએ સ્માર્ટ મીટરનો વિરોધ કરતા જણાવ્યું કે, હાલમાં વીજ કર્મચારીઓ મીટર બિલ ફાડવાની ઝંઝટમાંથી મુક્તિ મળે તેવું કારણ આગળ ધરી સ્માર્ટ મીટર લગાવવા માંડ્યા છે. પાછળથી આ મીટર પ્રિ-પેઈડ (એડવાન્સ પૈસા જમા કરાવવા) તરીકે કરવાના મૂડમાં છે. જેને લઈને હજુ ગરીબોને ઘરે માંડ માંડ મીટરો આવ્યા છે. ત્યાં તો હમણા તો બિલ આપવાની સીસ્ટમ રાખીને સ્માર્ટ મીટરો મુક્યા છે. પણ ભવિષ્યમાં તો સ્માર્ટ મીટરો ગરીબ માનવી પાસે પૈસા ખંખેરવાનું સાધન બને એમ લાગે છે. જેથી અમને સ્માર્ટ મીટરનું ડીંડકની કોઈ જરૂર નથી. જો પોલીસને સાથે લઈને સ્માર્ટ મીટર જબરદસ્તી લગાડવામાં આવશે તો ગરીબોની હાય લાગશે.

પ્રચંડ વિરોધને પગલે વીજ વિભાગના કર્મચારીઓ સ્માર્ટ મીટર લગાવ્યા વિના પરત ફરવાનો વારો આવ્યો હતો.

## વ્યારાનાં ખોડતળાવમાં બાઇક પરથી પટકાયેલા વૃધ્ધાનું મોત

વ્યારાઃ વ્યારાનાં ખોડતળાવ ગામે સ્મશાન નજીક રોડ ઉપર તા.૧૭/૦૭/૨૦૨૫નાં રોજ બપોરે ૪ વાગ્યેના અરસામાં નાનુબેન કાંતીલાલ ચૌધરી(ઉ.વ.૬૭) (રહે.ઝરીમોરાગામ, નદી ફળિયું તા.બારડોલી જી.સુરત) પોતાનાં પતિ કાંતીલાલ ચૌધરી સાથે હીરો સ્પેલેન્ડર મોટર સાઇકલ નં. જીજે ૧૯ બીએલ ૭૪૪૮ ઉપર જતા હતા. તે વખતે મહિલાએ મોઢા તથા ગળામાં વીટાળેલો દુપટ્ટો મોટર સાઇકલનાં પાછળનાં વ્હીલમાં આવી જતા તેઓ રોડ ઉપર પટકાયા હતા. જેમાં તેમના નાકમાંથી વધુ પ્રમાણમાં લોહી નિકળી જતા ઈજાના કારણે મોત નિપજ્યુ હતું.


Milano MULTIPLEX
બારડોલી
Saiyaara
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 07:00pm, 09:00pm, 09:30pm, 10:00pm
Smurfs : 11:00am
Sanghavi & Sons Gujarati 05:00pm
Maalik : 06:00pm
Jurassic world : 02:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


## ધારાસભ્ય ચૈતર વસાવાની ધરપકડ મુદ્દે માંગરોળ તાલુકામાં વિરોધ પ્રદર્શન



વિનોદ મૈસુરીયા

વાંકલ : માંગરોળ તાલુકામાં ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાની ધરપકડ મુદ્દે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

માંગરોળમાં આદિવાસી સમાજ અને વિવિધ સમાજ દ્વારા ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં સૂત્રોચ્ચાર સાથે રેલી સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ધારાસભ્ય ચૈતર વસાવા પર થયેલા કેસ પરત ખેંચવા તેમજ પોલીસ વિરુદ્ધ કાર્યવાહીની માંગ કરી હતી. જે માંગ નહીં સ્વીકારવામાં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે,

ડીસ્ટ્રીક્ટ સુરત, પલસાણા સબ-ડીસ્ટ્રીક્ટના મોજે: ગામ પલસાણાના રેવન્યુ સર્વે નંબરઃ ૨૮૨, બ્લોક/સરવે નંબરઃ ૩૦૫ થી નોંધાયેલી રહેણાંકના હેતુ માટેની ખેતી સિવાયની ખુલ્લી ૧૩૫૫૬ ચો.મી. જમીનમાં ગૌરવ ટાઉનશીપ ના નામથી પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નંબર: ૮૦ વાળી મિલકત નીતાબેન નવિનભાઈ મોદી એ પોતાની સ્વતંત્ર માલીકીની તથા શાંત અને પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટ, વપરાશ હેઠળનું હોવાનું જણાવી હમો પાસે તે મિલ્કતના ટાઇટલ ચોખ્ખા હોવાનું સર્ટીફીકેટની માંગણી કરેલ છે . પરંતુ તેઓથી સદરહુ મિલકતના નીચે જણાવેલ અસલ રિજ. વેચાણ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન રસીદ તેમના કબજા, ભોગવટામાંથી કયાંક ગુમ યાને ગેરવલ્લે થયેલ છે અને તે ખુબ ખુબ શોધવા છતાં તેમને મળી આવેલ નથી . તે સંજોગોમાં સદરહુ અસલ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન રસીદ કોઇપણ બેંક યા નાણાકીય સંસ્થા યા વ્યક્તીના કબજામાં હોય યા સદરહુ મિલકત પર કોઈના કોઇપણ પ્રકારના ચાર્જ બોજા કે લીયનના યા અન્ય કોઇપણ પ્રકારના હક્ક, હિત, અધિકાર કે હક્કો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં માં તેમના વાંધા તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને મોકલી આપવા . તેમા કસુર થયેથી સદરહુ મિલ્કતોમાં હીત ધરાવનાઓએ સદરહુ મિલ્કત પરત્વેના તેમના તમામ હક્ક, અધિકાર વેવ કરેલા યા જતા કરેલા હોવાનું માની અમો સદરહુ મિલ્કતનું ટાઇટલ સર્ટીફીકેટ ઇસ્યુ કરીશું. ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહિ, તેમજ જો આ દસ્તાવેજો કોઇની પણ પાસે હોય તો મારી મારફતે તેના માલીકને પરત સોંપી દેવા અને તેનો દુર ઉપયોગ કરવો નહી . જો કોઇ તેનો દુર ઉપયોગ કરશે તો તેની સામે કાયદેસરના પગલા ભરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ખોવાઈ ગયેલ રજી. વેચાણ દસ્તાવેજ, રજીસ્ટ્રેશન રસીદ ની વિગત :-

| પ્લોટ નંબર | વેચાણ દસ્તાવેજ નંબર | તારીખ |
|---|---|---|
| ૮૦ | ૮૯૭ | ૨૩/૦૨/૨૦૧૨ |

(૧) ગોપાલકુમાર મનોહરલાલ શર્મા (૨) કુરજીભાઈ શામજીભાઈ રાદડીયા (૩) જીતેશભાઈ કિશનભાઈ મહેતા (૪) મહેન્દ્રભાઈ છીતુભાઈ પટેલ (૫) ચંદ્રકાંત બાબુભાઈ રાદડીયા પોતે તથા ઉપરોક્ત નં. ૧ થી ૪ ના કુલમુખત્યાર પાસેથી ગોવિંદભાઈ હીંગળાજદાન ચારણએ વેચાણ રાખેલી મિલકત

૧૧૯, પહેલો માળ, રાજ કોમ્પ્લેક્ષ, મુ.પો. ચલથાણ, તા.પલસાણા, જિ.સુરત
મો.નં. 98258 70753

**ધર્મેશ ટી. કંથારીયા**
એડવોકેટ

### જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૦૫/૨૦૨૫

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૧૫/૭/૨૦૨૫

વાદી: મહેશભાઈ રમેશભાઈ રાઠોડ રહે. એરા ફળીયું, વડદલા, તા.પલસાણા, જી.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી પરબ પરબ ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી મહેશભાઈ રમેશભાઈ રાઠોડ, રહે. એરા ફળીયું, વડદલા, તા.પલસાણા, જી.સુરતના દાદા કરશનભાઈ છીતાભાઈ રાઠોડનું મરણ તા.21/07/1971 ના રોજ પરબ, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા. ૧૯/૮/૨૦૨૫ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૫/૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

### આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ હતી અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) સીઆઈએનઃ L65110TN2014PLC097792 રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરીંગટોન રોડ, ચેટપેટ, ચેન્નઈ-600031. ટેલિફોન: 91-44-45644000, ફેક્સ: 91-44-45644022

**સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ**

નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારે નીચે ઉલ્લેખીત સિક્યોર્ડ લોન આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ હતી અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) પાસે લીધું હતું. નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારનું ઋણ તેમની મિલ્કતને ગીરે મૂકીને સિક્યોર્ડ છે. તેઓ ઋણની સમજૂતીના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હતા અને અનિયમિત બન્યા હતા, તેમનું ઋણ આરબીઆઈના દિશાનિર્દેશ મુજબ એનપીએ તરીકે વર્ગીકૃત કરાઈ છે . તેમના દ્વારા આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ હતી અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) આપવાની બાકી રકમનો ઉલ્લેખ નીચેના કોષ્ટકમાં વધુ ખાસ રીતે વર્ણવેલ સંબંધિત નોટિસો મુજબ કરવામાં આવ્યો છે અને આ રકમ પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તે તેમની સંબંધિત તારીખોથી પ્રભાવિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

| ક્રમ સંખ્યા | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | ઋણ લેનાર અને સહ ઋણ લેનારનું નામ | કલમ 13 (2) હેઠળની નોટિસની તારીખ | કલમ 13 (2) નોટિસ મુજબ બાકી નીકળતી રકમ |
|---|---|---|---|---|---|
| 1. | 22644104 | મિલકતની સામે લોન | 1. હનીફભાઈ યુસુફભાઈ જુનાની 2. નસીમ હનીફભાઈ જુનાની 3. સુરત ચશ્માઘર | 21.06.2025 | INR 41,32,941.74/- |

**મિલકતનું સરનામું :** પ્લોટ નં. 49ના તમામ ભાગ, પૈકી ક્ષેત્રફળ 62.700 ચોરસ મીટર અને પ્લોટ નં. 50 પૈકી ઉત્તરથી દક્ષિણી બાજુ ક્ષેત્રફળ 20.625 ચોરસ મીટર, કુલ ઓપન પ્લોટ ક્ષેત્રફળ 83.325 ચોરસ મીટર, જે જાણીતું છે પ્રેઝિડેન્ટ પાર્ક સોસાયટી, જમીનનો બિનકૃષિ પ્લોટ જે સ્થિત છે મોજે ડુંગરી, ભરૂચ, જેની જમીનનો આર એસ નં. 59-2, ટી પી નં. 2, એફ પી નં. 90/1 + 90/2, સ્થિત થે રજિસ્ટ્રેશન જિલ્લો અને પેટા જિલ્લો ભરૂચ, જિલ્લો ભરૂચ, ગુજરાત-392001. સીમાઓ: પૂર્વ: પ્લોટ નં. 61 એન્ડ 62, પશ્ચિમ: સોસાયટી રોડ, ઉત્તર: પ્લોટ નં. 48, દક્ષિણ: પ્લોટ નં. 50 પૈકી, જમીનનો બાકીનો ભાગ.

તમને આથી આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ રકમ સાથે કરાર મુજબના વ્યાજ દર અને અન્ય ખર્ચ, ચાર્જ વગેરે સાથે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ હતી અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) ચૂકવવાનું કહેવામાં આવે છે. જેમાં નિષ્ફળ જવા પર નીચે સહી કરનાર, આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ની (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ હતી અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) બાકી રકમની વસૂલાત કરવા માટે ઉપરોક્ત ગીરવે મૂકેલી મિલકતો સામે SARFAESI એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે મજબૂર થશે. વધુમાં તમને કાયદા હેઠળ આ સુરક્ષિત અસ્કયામતોને વેચાણ/લીઝ દ્વારા અથવા અન્યથા હસ્તાંતરિત કરવા પર પ્રતિબંધ છે.

સહી-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ હતી અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે)

તારીખ: 19-7-2025
સ્થળ: ભરૂચ, ગુજરાત

### જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૦૨/૨૦૨૫
તા.૧૬/૦૭/૨૦૨૫

વાદી :- સીતાબેન નિલેશભાઇ વસાવા, રહે.નાનીભાગોળ, ઇંદિરા નગરી, ડાકોર, તા.ઠાસરા, જી.ખેડા-૩૮૮૨૨૫

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી તડકેશ્વર ગ્રામ પંચાયત, તા.માંડવી, જી.સુરત

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સીતાબેન નિલેશભાઇ વસાવા, રહે. નાનીભાગોળ, ઇંદિરા નગરી, ડાકોર, તા.ઠાસરા, જી.ખેડા-૩૮૮૨૨૫એ તેઓના દાદી હરાધીબેન ભંગડાભાઈ વસાવાનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: હરાધીબેન ભંગડાભાઈ વસાવા ૨. મરણ તારીખ: ૨૫/૦૮/૧૯૯૬ ૩. મરણનું સ્થળ. મોજે તડકેશ્વર, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે હરાધીબેન ભંગડાભાઈ વસાવાના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૪/૦૮/૨૦૨૫ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

### જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૦૪/૨૦૨૫
તા.૧૬/૦૭/૨૦૨૫

વાદી :- સીતાબેન નિલેશભાઇ વસાવા, રહે.નાનીભાગોળ, ઇંદિરા નગરી, ડાકોર, તા.ઠાસરા, જી,ખેડા-૩૮૮૨૨૫.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી તડકેશ્વર ગ્રામ પંચાયત, તા.માંડવી, જી.સુરત

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સીતાબેન નિલેશભાઇ વસાવા, રહે. નાનીભાગોળ, ઇંદિરા નગરી, ડાકોર, તા.ઠાસરા, જી.ખેડા-૩૮૮૨૨૫એ તેઓના ભાભી રામલીબેન રવિયાભાઈ વસાવાનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: રામલીબેન રવિયાભાઈ વસાવા ૨. મરણ તારીખ: ૧૦/૦૬/૨૦૦૦ ૩. મરણનું સ્થળ: મોજે.તડકેશ્વર, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે રામલીબેન રવિયાભાઈ વસાવાના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૪/૦૮/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

### જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૦૩/૨૦૨૫
તા.૧૬/૦૭/૨૦૨૫

વાદી :- સીતાબેન નિલેશભાઇ વસાવા, રહે.નાનીભાગોળ, ઇંદિરા નગરી, ડાકોર, તા.ઠાસરા, જી.ખેડા-૩૮૮૨૨૫

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી તડકેશ્વર ગ્રામ પંચાયત, તા.માંડવી, જી.સુરત

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સીતાબેન નિલેશભાઇ વસાવા, રહે. નાનીભાગોળ, ઇંદિરા નગરી, ડાકોર, તા.ઠાસરા, જી.ખેડા-૩૮૮૨૨૫એ તેઓના બહેન રમીલાબેન ઈશ્વરભાઈ વસાવાનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: રમીલાબેન ઈશ્વરભાઈ વસાવા ૨. મરણ તારીખ: ૩૦/૦૮/૧૯૯૫ ૩. મરણનું સ્થળ. મોજે તડકેશ્વર, તા.માંડવી, જી.સુરત

સબબે, ઉપરોક્ત વિગતે રમીલાબેન ઈશ્વરભાઈ વસાવાના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૪/૦૮/૨૦૨૫ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

### જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૦૬/૨૦૨૫

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૧૫/૭/૨૦૨૫

વાદી: મહેશભાઈ રમેશભાઈ રાઠોડ રહે. એરા ફળીયું, વડદલા, તા.પલસાણા, જી.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી પરબ પરબ ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી મહેશભાઈ રમેશભાઈ રાઠોડ, રહે. એરા ફળીયું, વડદલા, તા.પલસાણા, જી.સુરતના દાદી કમુબેન કરશનભાઈ રાઠોડનું મરણ તા.26/05/2005 ના રોજ પરબ, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૧૯/૮/૨૦૨૫ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૫/૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ